

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*જેને જોતા નરાધમ લાગે તો કરો એન્કૌંટર,*
*સત્તાધીશ, નિંદ્રામાંથી જાગે તો કરો એન્કૌંટર!*
*ગુનેગાર કાયદાથી લાગે, - તો કરો એન્કૌંટર*
*પીડિતા તત્કાલ ન્યાય માગે તો કરો એન્કૌંટર...*

### હાઈકુ

*દુશ્કર્મીઓ નો*
*એન્કૌંટર સિવાય -*
*ઉપાય નથી...*

*આપી દો ફાંસી -*
*દુષ્કર્મીનું 'મોત' જ*
*છે સાચો ન્યાય*

### ચિંતન

**અહં કર્તા ઈતિ અહંમાન મહાકૃષઅણ અહિ દંશિતઃ ।**
**ન અહં કર્તા ઈતિ વિશ્વાસ અમૃતં પીત્વા સુખી ભવ ॥**

**ઉપરોક્ત શ્લોક અષ્ટાવક્ર ગીતામાંથી લેવામાં આવેલ છે.**

**હું કર્તા છું એવા અહંભાવ રૂપી મહાકાળા સર્પ વડે દંશિત તું હું કર્તા નથી, એવા વિશ્વાસરૂપ અમૃતને પી ને સુખી થા.**

**હું કર્તા છું એવો અહંભાવ તું છોડ. એવી માન્યતા છોડ. એ અહંભાવ તો કાળોતરા નાગ જેવો છે.**

**બુદ્ધે તો કહ્યું જ છે જેવું તમે વિચારશો તેવા તમે થશો, અને સમાજ, રાતરિવાજો, પ્રણાલીઓ, સંપ્રદાય, નીતિનિયમો, વગેરે બધું આપણામાં ચોક્કસ માન્યતા ઊભા કરે છે, આપણે પછી એ જ રીતે વિચારીએ છીએ, વર્તન કરીએ છીએ.**

**મોટાભાગના વિચારો અને માન્યતાઓ બહારથી ઉપરથી લદાયેલા છે. એમાં જ્યારે શ્રદ્ધાનું તત્વ ભળે છે ત્યારે એ વિચાર સાકાર બને છે, અહીં અષ્ટાવક્ર કહે છે, હું કર્તા નથી એવા વિશ્વાસરૂપી અમૃતને પીને તું સુખી થા. હું કર્તા છું, એ જ અહંકાર છે.**

### સુવિચાર

- જયારે ધર્મ કહે છે કે સત્ય એ જ પરમેશ્વર ત્યારે તેમાં માણસની પોતાની મર્યાદા વિશેની ઊંડી સૂઝ પ્રગટ થાય છે - **જીવન પાથેય**
- માણસ ચાહ્યા વગર કદી રહી શકતો જ નથી, છેવટે કોઈને નહીં તો પોતાના કૂતરાને પણ ચાહવો પડે છે - **શોપનહોર**
- શ્રેષ્ઠ શસ્ત્રો અને બેશુમાર દારુગોળો છતાં ડરપોક સૈન્ય હારી જાય છે અને ઓછા શસ્ત્રો અને દારૂગોળો હોય છતાં બહાદુર સૈનિકો જંગ જીતી જાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- કોઈકનું ભલું કરવામાં ઘણી હાડમારી પડવાના પ્રસંગો જરૂર આવે છે, પણ એમાં આનંદના પ્રસંગો પણ જરાય ઓછા નથી હોતા - **બોધિવૃક્ષ**
- પોતાની ભૂલ 'પોતાને' દેખાય, એનું નામ સમકિત - **આપ્તસૂત્ર**
- શાનદાર રિશ્તે ચાહીએ તો ગહરાઈ મેં જોઈએ, લાજવાબ મોતી કિનારોં પર નહીં મિલતે - **અકબર જલાલપુરી**
- આજનું ઔષધ : શતાવરી ધૃતનો પ્રયોગ કરવાથી એસીડીટી અને આંતરડાના ચાંદા મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

બ્રિટીશ શાસન વખતે લંડનમાં ભારતનો પ્રતિનિધિ યુવાન બ્રિટીશ અંદાજપત્ર વિષે બોલવા ઊભો થયો. ભારતની ગરીબ પ્રજાની વાત એમણે સરકારી આંકડાનો આધાર લઈ રજૂ કરી. બ્રિટીશ નાણાપ્રધાનનો ક્રોધ ભભૂકી ઊઠ્યો. તેમણે ભારતના આ યુવાનનું અપમાન કરતાં કહ્યું, 'મહાશય!! આ બ્રિટીશ ધારાસભા છે. અર્થશાસ્ત્ર ભણાવવાની કોઈ શાળા નથી.' આ સભામાં સૌને થયું કે આ યુવાન વિરોધ કરશે તો આવી બનશે. ત્યારે યુવાને તેજાબી વાણીમાં પ્રતિસાદ આપતા કહ્યું, 'સર, મને ખ્યાલ છે કે આ ધારાસભા છે. મારા દેશના પ્રજાના જીવન વ્યવહાર સાથે સંકળાયેલું અર્થશાસ્ત્ર આપના નાણાં ખાતા સાથે પણ સંકળાયેલું છે. પ્રજાના પ્રાણ પ્રશ્નને વાચા આપવાનો ધર્મ પ્રજાના પ્રતિનિધિ તરીકે મારે બજાવવો એ મારું કર્તવ્ય છે.' યુવાને આગળ કહ્યું, 'આપના સૂચન મુજબ અર્થશાસ્ત્રીની શાળા હું શરૂ કરીશ ત્યારે પહેલા વિદ્યાર્થી તરીકે આપનું નામ અવશ્ય નોંધી લઈશ. પ્રજાના પ્રશ્નોને સમજે અને એનું નિરાકરણ લાવે તે જ પ્રજાને સુશાસનની ભેટ આપી શકે.' યુવાનની વાત સાંભળી ધારાસભાના સૌ બ્રિટીશરો અને નાણાપ્રધાન ઝંખવાઈ ગયા. આ યુવાન પ્રતિનિધિ હતા 'તાત્યા સાહેબ કેળકર' અને અંગ્રેજ નાણાપ્રધાન હતા 'જયોર્જ શુસ્ટર'.

# ફાંસીની સજા અંગે ફરી એકવાર ચર્ચા

**તંત્રીસ્થાનેથી...**

તેલંગાણા દુષ્કર્મ કાંડના આરોપીઓને એન્કાઉન્ટર પછી બૌદ્ધિકોએ અને ખુદ સુપ્રીમ કોર્ટના વડા ન્યાયમૂર્તિએ આવી પદ્ધતિથી ત્વરિત સજા આપવી તે બંધારણ તેમજ ન્યાય સંગત નથી એવો સ્પષ્ટ અભિપ્રાય આપ્યો હતો. જો કે જનસાધારણને તો એવી ત્વરિત સજા જ આવા જઘન્ય અપરાધમાં સંડોવાયેલા ગુનેગારો માટે સૌથી વધુ યોગ્ય લાગી હતી અને વિશાળ જનસમુદાયે પરાક્રમી પોલીસકર્મીઓને પુષ્પવૃષ્ટિથી વધાવી લીધા હતા. એ ઘટનાની જ અસરમાં છેલ્લા સાત વર્ષથી ફાંસીની સજા પામેલા હોવા છતાં સરકારી મહેમાનની જેમ જેલવાસ ભોગવતા દિલ્હીના નિર્ભયાકાંડના અપરાધીઓને ફાંસી આપવાના કાર્યક્રમને અગ્રતા ક્રમે મૂકવાની સરકારને ફરજ પડી છે. અપરાધીઓને ફાંસી ખોલી નજીક ખસેડવામાં આવ્યા છે. એમના ગળે ફસાવવા માટેના ગાળિયા તાત્કાલિક તૈયાર કરાયા છે. ઉત્તરપ્રદેશથી પવન જલ્લાદને તેડું મોકલાવી બોલાવી દેવાયો છે અને ગુનેગારોના વજન જેટલા રેતી ભરેલા કોથળા લટકાવવાનું રિહર્સલ પણ થઈ ચૂક્યું છે. સજા પામેલા ગુનગારો પૈકીના એક અક્ષયકુમારે ફાંસીની સજા સામે કેટલાક સવાલ ઊભા કર્યા છે જે પૈકી એક છે દિલ્હીનું પ્રદૂષણ. ફાંસીની સજા રદ કરવા સામેની આ વાહિયાત દલીલ છે. સતયુગથી કળિયુગ સુધીના જીવનની અવધિવાળી એના વકીલની દલીલ પણ એટલી જ વાહિયાત છે. ગાંધીજીનો હવાલો આપીને કે ઈંગ્લેન્ડ સહિત કેટલાક દેશોએ ફાંસીની સજા રદ કરી છે એવી દલીલ કરીને સજામાંથી બચવું, સજા અપરાધને થવી ઘટે, અપરાધીને નહીં - જેવી વાહિયાત દલીલોથી આ જઘન્ય ગુનેગાર બચવાનો નથી. વેળાસર ફાંસી અપાઈ શકી નથી તે જ ન્યાયતંત્ર અને સરકારના લોલંલોલ તંત્ર સામે પ્રશ્નાર્થો ઊભા કરે છે. રાષ્ટ્રપતિએ યોગ્ય જ કહ્યું છે કે આવા અપરાધીઓને દયાની અરજી કરવાનો અધિકાર જ ન હોવો જોઈએ - એવી જોગવાઈની જરૂર છે.

સહસ્રાબ્દીઓ જૂની સંસ્કૃતિમાં મૃત્યુદંડ આપવા - ન આપવા મુદ્દે વિશદ ચર્ચા થયેલી છે. મનુથી લઈ વિદુર અને ચાણક્ય સુધીના નીતિશાસ્ત્રીઓઓ જઘન્ય અપરાધ માટે ક્રૂર સજાની જ તરફેણ કરતા રહ્યા છે. વચ્ચે બુદ્ધ-મહાવીરનો અહિંસાયુગ આવી ગયો ત્યારે જીવ હિંસાના નિષેધની ચર્ચાએ જોર પકડ્યું. 'બુદ્ધનાં ચક્ષુ' કાવ્યમાં આપણા પ્રતિયશ કવિ સુન્દરમે પણ લખ્યું :

હણો ના પાપીને દ્વિગુણ બનશે પાપ જગનાં;
લડો પાપો સામે વિમલ દિલના ગુપ્ત બળથી...

આ 'વિમલ દિલ' લાવવું કયાંથી ? અને એવી રીતે માફ કરાયેલા જઘન્ય અપરાધીઓનું હૃદય પરિવર્તન થઈ જ જશે, એની કોઈ ગેરંટી ખરી ? ચંબલના ડાકુઓએ જયપ્રકાશ નારાયણ સમક્ષ શસ્ત્રો હેઠાં મૂક્યાં ત્યારે એમને ફાંસીની સજા નહીં કરવાની શરત રખાઈ હતી અને સરકારે તે પાળી પણ હતી. એમાંથી એકાદ પંચમસિંહ જેવા ડાકુનું હૃદય પરિવર્તન થાય અને તે બ્રહ્માકુમારીઝના પ્રચારક પણ બની જાય. પરંતુ એ તો અપવાદ ગણાય. ન્યાયપાલિકા આવા અપવાદોને વશ ન જ થાય તે જરૂરી છે. ગમે કે ન ગમે, પણ દેશભક્ત ભગતસિંહ અને એમના સાથીઓને સોન્ડર્સની હત્યા બદલ ફાંસી થઈ હતી તે ગાંધીજી જેવા અહિંસાના પૂજારીએ પણ સ્વીકારી લેવું પડ્યું હતું. એમને બચાવવા તેઓ એમની જાણીતી ટેવ મુજબ આમરણાંત ઉપવાસ પર નહોતા બેસી ગયા. ગાંધીહત્યાના ગુનેગારને મન એનું કૃત્ય રાષ્ટ્રહિતમાં હોઈ શકે, પણ ખુદ ગાંધીજી કયારેય ન ઈચ્છત કે એમને મારનારને મારી નાખવામાં આવે, છતાં ગોડસેને ફાંસી આપવી જ પડી હતી.

# મન ચંગા તો કથરોટ મેં ગંગા...



## લાગણીનો મેળો

રસિક વાળંદ

ભરમાવી દુનિયા ભોળી રે, બાવો ચાલ્યો ભભુતી ચોળી,
દોરા ધાગાને વળી ચીટ્ટી કરીને, આપે ગણકારું ગોળી;
જીવતે હણતાં દયા ના આમે, જેમ ભીલ કાફર કોળી રે,
નિતનિત દર્શન નીમ ધરાવે, ઘેર આયે ત્રિયા ટોળી;
માઈ માઈ કરીને બાવો બોલાવે, હૈયે કામનાની હોળી રે,
સઘળા શિષ્યને ભેળાં કરી ખાય, ખીર ખાંડને પોળી;
ભોજો ભગત કહે ભવસાગરમાં, બાવે માર્યા બોળી રે, ભરમાવી...

●●●

હવે પાછાં નિત્યાનંદ... નિત અવનવા ધર્મ લંપટગુરુઓનું પ્રોત પ્રકાશતું રહ્યું છે !! આવી ઘટનાઓનો જ સાબિત કરે છે કે આ દેશનો બહુજન સમુદાય બાલીશ છે. જે સ્વર્ગ નર્ક, પાપ-પુણ્ય, અંધશ્રદ્ધાના કપોલ કલ્પિત ખ્યાલોથી પિડાય છે. કંઈકેટલાયે પંથો-સંપ્રદાયો-મઠો-આશ્રમોમાં હિન્દુ ધર્મ ફંટાઈ ગયો છે. આવા છિન્ન-વિચ્છિન્ન સમાજને ધર્મભાવનાનું સાચું તત્ત્વજ્ઞાન કોણ સમજાવશે ?!!

મેં એક એવા ધાર્મિક વ્યક્તિને જોયા છે કે જે હંમેશ ગજવામાં કંકુની ડબ્બી અને નાનકડો અરીસો રાખે... કપાળ પરનું તિલક ભૂંસાવા જ ન દે... તિલકનું જતન કરનારા આ મહાશય વ્યવહારમાં બૂઠા... આવી ધાર્મિકતાને શું ધોઈ પીવાની...

એકભાઈ ઘરે આવ્યા. પોતાની જાતને ચુસ્ત ધાર્મિક હોવાનું ગૌરવ લેખતા, વાત વચાળે વાત નીકળી ને કહેવા લાગ્યા, 'અમે આ નથી ખાતા, શું ન ખાવું - એ તો મરજીની વાત.... ભગવાને માનવજાતને ઈચ્છા સ્વાતંત્ર્ય બક્ષ્યું છે, કદાચ મારા આ વિચારો શ્રદ્ધાળુ ભક્તજનોને કદાચ ન પણ ગમે, છતાં એક વાત કહેવા માંગુ છું કે કહેવાતી દાંભિક ધાર્મિકતાની ફળશ્રુતિ શું ?! જીવન જીવવા માટે સાધુ બાવાઓનો સહારો લેવો પડે ! શું માનવજાત જીવનનો અભ્યાસક્રમ આટલો અઘરો છે ?' કે આવા તરકટી સાધુઓના પગ પકડવા પડે.

મિત્રો, ભગવાનની અનુપમ કૃતિ એટલે મનુષ્ય. આ માનવજાતને ઈશ્વરે વિશેષ કરીને મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર આપી 'કંકરમાંથી શંકર' ને 'નરમાંથી નારાયણ' બનવાની શક્યતા દઈ દીધી છે. બુદ્ધિ આપણો સારથી છે, એના સહારે જ સર્વોત્તમ સિદ્ધ થવાનું છે. આપણને મોઢું મળ્યું છે તો શું ખવાય - શું ન ખવાય - એ નક્કી કરવા સામાન્યબુદ્ધિ પણ છે. વાણી મળી છે તે કયાં કેવું બોલવું એ વિચારવા બુદ્ધિ મળી છે. મા સાથે કેમ બોવલાય અને પત્ની સાથે કેમ બોલાય એ સમજ માટે વિવેકબુદ્ધિ હોવી ઘટે. આમાં કયાં કોઈના આશીર્વાદ લેવાની જરૂર છે.

વિશ્વની મહાસત્તા ગણાતા રાષ્ટ્રોમાં આપણા દેશ જેવો 'ગુરુવાદ' છે જ નહીં... અહીં આપણે તો સ્વર્ગ શબ્દ ઉચ્ચારતાં જ ડોકું આકાશ તરફ ફરી જાય છે. આપણે આકાશમાં મોક્ષ શોધીએ છીએ જયારે પરદેશીઓએ પુરુષાર્થ થકી પૃથ્વી પર સ્વર્ગ સર્જી દીધું છે !!

હું એ વાત પણ સ્પષ્ટપણે માનું છું કે આપણો દેશ ધર્મપ્રધાન છે. એનું હું સમર્થન કરું છું પણ... સાથે સાથે બુદ્ધિને તાળું મારી ગાડરિયા પ્રવાહમાં ઘસડાઈને મરી જવાનું ! એ તો મારે મન માનવ્યનું અપમાન છે. ધાર્મિક ભાવનને ધર્મગ્રંથોય ખરા... સાચુકલો ધર્મ એને કહવાય જે સાચો જીવનધર્મ સમજાવે. પરંતુ વિડંબના એ છે કે અંધશ્રદ્ધાળુ ભોલી અજ્ઞાનતાને કારણે તરકટી-ઢોંગી સાધુતા મદમાતી થઈ વિહરી રહી છે.

મિત્રો, સાચો જીવનધર્મ એટલે માણસાઈથી જીવતાં શીખીએ - એટલે કોઈ ગુરુ કે ધર્મના કરોળિયા નહીં થવાનું. એકગીતના શબ્દો છે, 'ઈન્સાનિયત હી સબસે પહલા ધર્મ છે ઈંસાન કા...'
ઉસકે બાદ હી પન્ના ખોલો ગીતા ઔર કુરાન કા।'
તો વળી બીજા એક શાયર 'મેહર' લખનવીએ ફરિયાદ કરી છે;
'અગર સુન ન સકો તુમ દુઃખીઓંકી આવાઝ...
ઔર પોંછ ન પાઓ કિસી કે આંસુ...
તો કયા ફાયદા તુમ કુરાન પઢો યા નમાઝ...'

મિત્રો, દુઃખની વાત તો એ છે કે આપણો ધર્મ બાહ્યચારમાં સિમિત થયો છે, મિથ્યા કર્મકાંડમાં અટવાયો છે. પરંતુ ખરી વાત એ છે કે શિક્ષણ અને સુંસ્કારોથી મોટો કોઈ ગુરુ નથી. જીવનભર રામ રટતા રહીને ફુલટાઈમ રાવણ બની વર્તીએ તો એવી ભક્તિએ શું કામની ? સવારે પૂજા પાઠને માળા કરીને દિવસભર કાળાધોળા કરીએ તો રામ રાજી થાય ખરો ?!! બસ આટલી જ કોમન સેન્સને કોમન ધર્મ માની જાત ભણીની જાત્રામાં જોતરાઈએ તો પછી ટીલાં ટપકાં કે ત્રિપુંડનીય જરૂર નથી. 'મન ચંગા તો કથરોટ મેં ગંગા.'

**સ્પર્શમણિ :**

આનંદ વગરના ભારેખમ અધ્યાત્મથી
થોરિયાના ઠૂંટા જેવા વૈરાગ્યથી
કાયરતાની કૂંખે જન્મેલી અહિંસાથી
અંધશ્રદ્ધામાં ડૂબકી ખાતી ભ્કતિથી
સ્ત્રીઓથી દૂર ભાગતા બ્રહ્મચર્યથી
ગરીબીના ઉકરડા પર ઉગેલા અપરિગ્રહથી
કર્મના ટેકા વગરના જ્ઞાનથી
અને જ્ઞાનના અજવાળા વગરના કર્મથી
હે પ્રભુ ! માર દેશની બચાવી લે જે.

**- ગુણવંત શાહ**

- rasikvaland1965@gmail.com, Mo. 9913426949

# પુરૂષનું શૌર્ય સ્ત્રીની રક્ષામાં છે, તેને રગદોળીને શૂરાતન સાબિત કરવામાં નથી



## અબીલ-ગુલાલ

મમતા રાવલ

'ચિત્કાર' વર્ષો પહેલાં આ શબ્દ સાંભળેલો. સુજાતા મહેતા દ્વારા અભિનીત ખૂબ પ્રસિધ્ધી પામેલા નાટકનું આ નામ સાંભળતા જ જે ભાવ મનમાં ઝબકે એનાથી ડરી જવાય. વેદના, પીડા, મજબૂરીની ચીસથી ભરેલા આ 'ચિત્કાર' શબ્દમાં વીંધી નાંખે એવી અસરકારકતા ભરેલી છે. આજકાલ આપણી આસપાસ ગલી-મહોલ્લા, સમાજ, ગામ, શહેર, દેશમાં સર્વત્ર ચિત્કારનું સામ્રાજ્ય છે. દિવસોથી સમાચાર પત્રોની હેડલાઈનમાં જેણે અડ્ડો જમાવ્યો છે એવા આ સામૂહિક બળાત્કારના સમાચારો જનમાનસમાં એમાંય ખાસ કરીને સ્ત્રી હદયમાં આક્રંદ મચાવ્યો છે.

આ વિષયે ખૂબ લખાય છે...વિરોધ થાય છે. પરંતુ પરિણામ શૂન્ય છે. કારણ કે જે લોકો આવી વિકૃત માનસિકતા ધરાવે છે ત્યાં સુધી કોઈ લખાણ - ભાષણ કે ધર્મ પહોંચી શકતો નથી.

૧૯મી નવેમ્બરે મેન્સ'ડે ઊજવાયો. સચીન તેડુંલકરે એ દિવસે સરસ લાગણીશીલ ખુલ્લો પત્ર દેશના તમામ પુરુષોને પાઠવ્યો અને શુભેચ્છા આપી. જાણીતી લેખિકા એષા દાદાવાલાએ પુરુષના મેઘધનુષી વ્યક્તિત્વના ગુણગાન ગાઈ એમને નવાજ્યા. અનેક જગ્યાએ પુરુષ વ્યક્તિત્વને પોંખવામાં આવ્યું. આ બધું વાંચીને જાણીને ખૂબ સારું અનુભવાયેલું અને એટલામાં જ થોડા દિવસ માંજ પુરુષની હેવાનિયતના કારનામા એ દેશમાં રોકકળ જગાવી.

આ વાંચનાર પુરુષવર્ગ ચમકશે, આંચકો અનુભવશે જાણું છું. દરેક વ્યક્તિના મનમાં અનેક પ્રકારના, ગંદા અને સારા વિચારો પડેલા જ હોય છે. સંસર્ગ પ્રોત્સાહન આધારિત આવા વિચારો એકશનમાં ફેરવાય છે. કઈ વૃત્તિ ક્યારે હાવી થશે એ કેટલીકવાર માણસ પણ જાણતો નથી. અને આવું પુરુષોના કિસ્સામાં વધુ જોવાય છે. એમને મળતી સામાજીક છૂટના અનેક પ્રકારે દૂરઉપયોગ થતા રહે છે.

બાપ કે ભાઈ પાસે પણ સ્ત્રી આજે સુરક્ષિત નથી એવા કિસ્સા વાંચીએ ત્યારે સ્ત્રીની દયા આવે છે. યુધ્ધ હોય કે આતંકવાદ, ઓફિસ હોય કે સ્કુલ – કોલેજ, ભીડમાં કે સૂમસામ જગ્યામાં બધે જ સ્ત્રીના માથે હંમેશા મોટું જોખમ તોળાય છે. દુનિયાની એક પણ સ્ત્રી એવી નહીં હોય કે આ દુનિયા પર જન્મ લીધા પછી ઉંમરના પડાવમાં નાના – મોટા શોષણનો ભોગ નહીં બની હોય. ઘરમાં કે બહાર ક્યાંક ને ક્યાંક એને આ યાતના સહી જ હોય છે. અને આવા રહસ્યો એના હદયના ખૂણે સંઘરાઈને એની સાથે જ નાશ પામે છે. ક્યારેક 'મીટુ...જેવી મુવમેન્ટથી વિદ્રોહ રૂપે પ્રગટે છે'

રામાયણમાં રાવણ દ્વારા સીતાહરણનો કિસ્સો, મહાભારતમાં દ્રોપદીના ચીરહરણનો કિસ્સો દેવોના ઋષિપત્ની પ્રત્યેના મોહાંધ થવાના કિસ્સા જેવી કેટલીય વાતો આપણે સાંભળીને મોટા થયા છીએ. આ વાતથી સ્ત્રીવર્ગે એટલું તો સમજી જ લેવું જોઈએ કે વાસના એ પુરુષનું પ્રધાન લક્ષણ છે. પહેલાં યુવાન સ્ત્રીને જોખમ વધુ હતું. હવે બાળકી હોય કે વૃધ્ધા...તમામ દરેક ઘડી ફફડીને જીવે છે એવી હાલત છે. આવા કિસ્સાઓમાં ઘણા બધા સંજોગો કારણભૂત હોય છે. નાની બાળકી કે વયોવૃધ્ધ સ્ત્રી પરના અત્યાચારમાં વિકૃત માનસ જ જવાબદાર છે. આ વિકૃતીને જન્મ આપનારા ઘણા પરિબળો સહેલાઈ થી ઉપલબ્ધ છે. ભાન ભૂલાવી દેતા નશાકારક પદાર્થો, પોર્ન સાહિત્ય, પોર્ન સાઈટ્સ આ કળિયુગના સૌથી ભયંકર ભોરીંગ છે. પાનને ગલ્લે કે ઓફિસોમાં, કોલેજોમાં કે ઝુંપડપટ્ટીમાં, ઠેર-ઠેર સૌથી વધુ જોવાતો અને ચર્ચાતો આ વિષય માણસમાં કામુકતા પ્રેરે છે. સરખે સરખા હેવાનો નો સંગ કોઈક સ્ત્રીનો ભોગ લે છે. અભણપ્રજા એ આપણા દેશનો સૌથી મોટો નેગેટીવ પોઈન્ટ છે. જે કિસ્સા બહાર આવે છે એ પણ આવા વર્ગના જ હોય છે. બાકી ભદ્ર સમાજનો પુરુષ ઘણો ચતુર છે. એને સ્ત્રીની નબળાઈ અને અપેક્ષાની ખૂબ સારી જાણકારી છે...સ્ત્રીને પોતાની ઈચ્છાની ગંધ આવવા દીધા વિના, પોતાની કામવાસનાને પ્રેમનો સુંદર વાઘો પહેરાવીને સ્ત્રીની સંમતિથી એનો સાથ માણતો રહે છે. એક સાથે અનેક સ્ત્રીઓ સાથે આવી લીલા તે આચરી શકે છે. એક હદ પછી જ્યારે એનું પોત પ્રકાશે ત્યારે આવી સ્ત્રીઓ હત્યા કે આત્મહત્યાનો ભોગ બને છે. દેશના અગ્રણીઓના પ્રેમ પ્રકરણોમાં પણ આવા વળાંકો આપણે વાંચીએ જ છીએ જેમાં છેવટે ભોગ સ્ત્રીનો લેવાય છે. તાજેતરમાં આવેલી કેટલીક હિન્દી ફિલ્મો જેવી કે મોમ, રૂસ્તમ,પીંક, હાઈ-વે વગેરેમાં સ્ત્રીના શારીરિક શોષણની અને માનસિક આઘાતની અત્યંત ચોટદાર રજૂઆત કરવામાં આવી છે.

હવે સ્ત્રીએ બાંયો ચઢાવી છે એ પોતાનો દર્દનાક ચિત્કાર સમાજના કાને પહોંચાડવા મથી રહી છે, કયો સમાજ !!! સમાજ કોઈ અલગ તો છે જ નહીં તમામ કાળા માથાનાં માનવીઓથી ભરેલી આ દુનિયામાં કોઈ વ્યક્તિ તારણહાર કેવી રીતે બની શકે !! સરકાર પણ માણસોની જ બનેલી છે. અહીં કોઈ કોઈને બચાવે એવી આશા નકામી છે. કોઈને સુધારવું, બીજાના હાથમાં છે જ નહી. નિમ્ન કક્ષાની માનસિકતામાં સુધાર લાવવાનું કામ આટલા સંત મહાપુરુષોથી શક્ય નથી બન્યું તો સરકારનું શું ગજું !!!

હા સરકાર, સજા આપી શકે. આકરી સજા જ માત્ર આવા અત્યાચાર પર રોક લગાવી શકે. એ કામ વહેલી તકે થવું જ જોઈએ, દુનિયાના અનેક મુસ્લીમ દેશોમાં બળાત્કારના ગુનાની આકરી સજા ફટકારાય છે. ઈન્ડોનેશિયામાં તો આવા આરોપીઓને નપુંસક બનાવીને સ્ત્રી હોર્માનનો ડોઝ અપાય છે. ચીન જેવા વિકસિત દેશમાં પણ મૃત્યુદંડની જોગવાઈ છે.

સ્ત્રીએ પણ સંયમિત આચરણ અપનાવવાની જરૂર છે. રૂપના ગૌરવ સાથે એની ગરિમા સાચવવાની જવાબદારી પણ સ્ત્રીની છે. ભગવાને સ્ત્રીને અનેક બક્ષીસોથી નવાજી છે. ઉંમરના પ્રત્યેક રૂપમાં એ અલૌકિક છે. શક્તિપૂંજ છે. વંદનીય છે. ભારત દેશની ગાથામાં એવી સતીઓના પ્રમાણ છે જેણે સ્ત્રીત્વની રક્ષા માટે જાનની આહુતી આપી આટલી ખુમારી, એ સ્ત્રીની શાન છે. પ્રબુધ્ધતા એનું ગૌરવ છે. અનેક ક્ષેત્રોમાં પોતાનું યોગદાન આપતી સ્ત્રીનું સાહસ અને વીરતા એના આભૂષણ છે. પ્રેમાળપણું એનું સૌંદર્ય છે. આધુનિકતાના નામે માત્ર પહેરવેશ બદલાય, રહન-સહન બદલાય છે. પુરુષનું શૌર્ય સ્ત્રીની રક્ષામાં છે...કાળજીમાં છે. એને રગદોળીને, એને પીંખીને પોતાનું શૂરાતન સાબિત કરવામાં નથી. સ્ત્રી શક્તિ બનીને ત્રાટકે એ દિવસો હવે દૂર નથી.

# શિયાળામાં તલનાં ફાયદા...



## પહેલું સુખ તે જાતે નર્યા

ડૉ. કેદાર ઉપાધ્યાય

ધીમે ધીમે શિયાળો બેસવા માંડ્યો છે. દરેક ઋતુની પોતાની આગવી ઓળખ છે. શિયાળો આવે એટલે હવા બદલાઈ જાય, પોશાક બદલાઈ જાય અને ખાનપાન પણ બદલાઈ જાય. શિયાળામાં એકબાજુ તીખું તમતમતું અને ચટાકેદાર ફૂડ ખાવાની મજ્જા પડે જેમકે ઓળો, રોટલા, ટોઠા, ઊંધિયું... તો બીજી બાજુ આપણે હેલ્ધી ફૂડ પણ ખાઈએ જેમકે ગાજર,બીટ, પાલક, આમળા જેવા લીલા શાકભાજી અને ફળો, ખજૂર, ચ્યવનપ્રાશ, અને તલની બનાવટો. આજે આપણે શિયાળામાં વધુ પ્રમાણમાં ઉપયોગમાં લેવાતા તલ વિષે વાત કરીશું.

આમ જોઈએ તો 'તલ' શબ્દ જ સ્નિગધતાનો સૂચક છે. કાળા અને સફેદ એમ બંને પ્રકારના તલનાં ગુણો અદભૂત છે. આયુર્વેદ મૂજબ તલમાં ચાર સ્વાદ છે. તીખો, મીઠો, તૂરો અને કડવો. પ્રકૃતિમાં થોડા ગરમ એવા તલ વાયુ પિત્ત અને કફ એમ ત્રણેય દોષોનું શમન કરે છે.

તલનું વર્ણન કરતા આચાર્ય ચરક જણાવે છે કે તલ ત્વચા માટે ઉત્તમ, વાળની રક્ષા કરનાર અને ઉત્તમ બલદાયક છે. તલ તેના સુક્ષ્મ ગુણને કારણે શરીરમાં જલ્દી અસર કરે છે. તલ મેધાવર્ધક અને ભૂખ લગાડનાર છે.

તલનું તેલ એ માલીશ માટે ઉત્તમ છે. તલના તેલનું માલીશ શરીરનો થાક દૂર કરે છે, ત્વચાને સુકોમળ કરે છે, માંસપેશીઓને મજબૂત કરે છે, અને શરીરને પુષ્ટ કરે છે. નિયમિત માલિશથી શરીર યુવાન રહે છે. તલના તેલના માલીશથી ચામડીની રૂક્ષતા, વાઢીયા, નાના મોટા વ્રણ આદિ દૂર થાય છે અને ત્વચા કાંતિમય દેખાય છે. આપણે શિયાળામાં અલગ અલગ ક્રીમ અને લોશન લગાવવા ટેવાયેલા છીએ. ક્યારેક તલના તેલનો ઉપયોગ કરી જોઈએ. ખરેખર મજા પડશે.

તલનાં અમુક બીજા ફાયદાઓ પણ છે જેમકે...

- દૂઝતા હરસમાં તલ અને માખણ ખાવાથી ફાયદો થાય છે
- કાળા તલને નિયમિત ચાવવાથી દાંત અને પેઢા સુદ્રઢ થાય છે
- સૂંઠ અને તલ ખાવાથી સાંધાના દુખાવામાં રાહત થાય છે
- તલ વીર્યવર્ધક છે અને નપુંસકતાને દૂર કરે છે
- તલ રસાયણ છે. નિયમિત લેવાથી શરીરની ધાતુઓનું પોષણ કરે છે

શિયાળામાં આપણે તલ અને તલની વાનગીઓ જેવીકે તલસાંકળી, કચરિયું આદિ ખાતા જ હોઈએ છીએ. તલના આ ગુણોને જાણ્યા પછી આ વાનગીઓ ખાવાની ઓર મજા આવશે.

**(M) 9879471147**

# કન્યાકુમારી : ત્રણ સમંદર ભેળા થઈને કરતા જેને પ્રણામ



## મનના ઉમંગો

રણછોડ પરમાર

રામેશ્વર ભગવાનના દર્શન કરીને હદય તૃપ્ત હતું. મને તો આખા મંદિરની પ્રદિક્ષણા પણ કરવા મળી હતી. ધનુષકોટીમાં બે દરિયાનો સંગમ જોઈને આનંદની કોઈ અવધિ રહી નહોતી. અબ્દુલ કલામના જન્મસ્થળની મુલાકાતથી મન ખુશખુશાલ હતું.રામેશ્વરમમાં અમે બે દિવસ રહ્યા હતા. લગભગ બધી જ મુખ્ય વસ્તુઓ જોવાઈ ગઈ હતી. અરે કયા ગલ્લે સારી ચા મળે છે એનીયે અમને ખબર પડી ગઈ હતી.

છતાં ભર્યા ભર્યા હદયે અમે રામેશ્વરમ છોડ્યું અને કન્યાકુમારી જવા નીકળ્યા ત્યારે ફરીથી બસની બારીમાંથી જેટલું જોવાય એટલું રામેશ્વર જોઈ લેવા મન તરસતું હતું. કેટલાક રસ્તા પરથી ફરીવાર પસાર થતા હોઈએ એવું લાગતું હતું. અને હવે પુનઃ અહીં આવવું લગભગ અસંભવીત છે એવું જાણતું મન જે દૃશ્યો જોવા મળે તેને હદયમાં સંઘરી લેવા ઝંખતું હતું. કલાકમાં તો રામેશ્વરની બહાર આવી જવાયું. પેલાં ઊંચાં ઊચાં તાડના વૃક્ષો અમને અલવિદા કહી રહ્યાં હતાં. જો કે આ તાડવૃક્ષોએ છેક કન્યાકુમારી પહોંચ્યા ત્યાં સુધી અમારો સાથ નહોતો છોડ્યો. કંબનનો પૂલ આવતાં જ ચિત્ત ફરીવાર પ્રફુલ્લિત થઈ ગયું. હું ડાબી બાજુ બેઠો હતો. ત્યાં પહેલાં દરિયો દેખાણો અને એમાં તરતી હોડીઓ દેખાઈ. જતી વખતે તો આ સ્થળે બસ ઊભી રાખવામાં આવી હતી અને અમે પૂલના બંને બાજુએથી ઠંડા પવનના સૂસવાટા ઝીલતાં ઝીલતાં દરિયો જોવા મળ્યો હતો. હોડીઓ અને પૂલના ફોટા પણ પાડવા મળ્યા હતા. એ વખતે ખાસ તો રેલવેનો પૂલ બધાના આકર્ષણનું કેંદ્ર હતો. અત્યારેય મુખ્ય આકર્ષણ તો એનું જ હતું પણ અમારી બાજુએ બેઠેલાને ઊભા થઈને પૂલ જોવો પડ્યો. પૂલ પસાર થતાં જ રામેશ્વર અમારાથી વેગળું થઈ ગયું. પછી છેક સુધી પેલાં તાડના ઝાંડવાઓ જ અમને આ પ્રદેશની ખાટીમીઠી વાતો કરતાં રહ્યાં.

કન્યાકુમારીના રસ્તે જતાં વચમાં મદુરાઈ આવે છે. જેનું મીનાક્ષી મંદિર વિશ્વવિખ્યાત છે. આ મંદિર કાંઈ બેત્રણ કલાકમાં જોઈ લેવાનું સ્થળ નથી છતાં અમે એટલા સમયમાં માતાજીના દર્શન કરીને મદુરાઈની બહાર નીકળી ગયા. હા, મીનાક્ષી માતાના દર્શન ઘણી શાંતિથી થઈ શક્યા એટલી વાત નિરાંતની હતી. બાકી બધી ક્ષણો દોડાદોડી અને ઉચાટની હતી એ કબૂલ કરવું જ પડે. આટલી ઉચાટભરી સ્થિતિમાંયે અમારી બહેનોએ રસ્તામાં બેઠેલા ફેરિયાઓ પાસેથી સાડીની ખરીદી કરી લીધી હતી, બોલો !

મદુરાઈની બહાર આવી રસ્તામાં એક પેટ્રોલ પંપ પાસે જમવાનું પતાવી દેવાયું. અમારા રસોઈયાએ મદુરાઈમાંથી કશીક ફરસાણની વાનગી ખરીદી હતી, એ પણ બધાને ચાખવા મળી, બીજુ ખાવાનું શું હતું તે યાદ આવતું નથી, પણ નીલગીરીના છાંયડે જમવાની મઝા આવી ગયેલી એ ખાસ યાદ છે.

પરંતુ જેવા કન્યાકુમારીના પ્રદેશમાં પ્રવેશ્યાં કે તરત વાતાવરણ પલટાઈ ગયું. સવારે નીકળ્યા ત્યારથી આકાશમાં ઘટાટોપ વાદળો હતાં. હવે વૃક્ષોની ઠંડક પ્રસરવા માંડી. એકદમ લીલાંછમ, જેનાં આપણને નામ પણ આવડતાં નથી એવા વૃક્ષો રસ્તાની બંને બાજુએ આવવા માંડ્યાં. કેળ અને આંબા અમે ઓળખી શક્યા. કેળાંની મોટી લૂમો જોઈ મન એને વળગી પડ્યું. આંબે ઝૂમતી કાચી કેરીઓ જોઈ દાંતમાં ખટાશ વ્યાપી વળી. ઘણા વૃક્ષ પોતાના પુષ્પોની પતાકાઓ હવામાં ફરફરાવતા જાણે અમારું સ્વાગત કરી રહ્યાં હતાં. સાંજના લગભગ ત્રણ વાગવામાં હતાં. ચાર વાગ્યા પછી વિવેકાનંદ રોક જતાં વહાણની સેવા બંધ કરી દેવામાં આવે છે. બધાં એ પહેલાં પહોંચી જવા માંગતાં હતાં પણ માંડ માંડ અમે ચાર વાગ્યાની આસપાસ ગુજરાતી સમાજનું મકાન ભાળી શક્યાં.

પણ... કન્યાકુમારીમાં અમારા પ્રવાસની એક દુખદ ઘટના બની. હજુ હું ફ્રેશ થઈને રૂમમાં આડો પડી પુસ્તક ઉઘાડીને વાંચવાનું શરૂ કરવા જતો હતો ત્યાં બહારથી કોઈ બહેનનો ચિત્કાર સંભળાયો. ક્યાંથી અવાજ આવે છે એની સમજ પડે તે પહેલાં તો ઉપરાઉપરી ચીસો આવવા લાગી. હું દોડતો બહાર આવ્યો. રસોડામાં અમારા એક પ્રવાસી ચત્તાપાટ પડેલા અને એમના પત્નિ બેબાકળા બની ગયેલાં. હું દોડતો પાછો આવ્યો. રિસેપ્સનીસ્ટ હતા નહી. મેં જાતે ૧૦૮ ને ફોન લગાવ્યો. સામે છેડેથી કશું બોલાયું અને ફોન મૂકાઈ ગયો. મને કશી સમજ પડી નહી. ફરીથી ફોન લગાવ્યો. એની એ વાતનું પુનરાવર્તન થયું. શું કરવું એની સમજ પડતી ન હતી. ત્યાં વ્યવસ્થાપક આવ્યા. એણે તરત કોઈ રિક્ષાવાળાને ફોન કર્યો. ત્યાં સુધીમાં અમારા મિત્ર ભાનમાં આવી ગયા હતા. અમે બધા બહાર ખુલ્લી ઓસરીમાં બેઠા. હવા સારી હતી તોય પંખા ચાલુ કર્યા. થોડીવારમાં રિક્ષા આવી ગઈ.મધુમામા અને ભરતભાઈ દરદીની સાથે દવાખાને ગયા.પાર્વતી અને ઉષાબેને રડતાં બેનને આશ્વાસન આપી છાનાં રાખ્યાં. કન્યાકુમારીમાં ફરવા જવાનો કોઈને વિચાર આવ્યો નહી.

કલાક જેટલો સમય વીત્યો હશે ત્યાં ફોન આવ્યો કે તબિયત સારી છે અને ચિંતાનું કોઈ કારણ નથી ત્યારે બધાને હાશ વળી. નિરાંત થઈ એટલે બેચાર જણને ફરવા જવાનો વિચાર આવ્યો. બાકીના કહે કે ક્યાંય નથી જવું. પણ દરદીના પતિ હવે સ્વસ્થ થઈ ગયા હતા. "તમે બધા જાવ. અમારા લીધે તમારો પ્રવાસ બગાડશો નહી. "એમ બધાને કહેવા માંડ્યા. આખરે પાંચછ જણા ફરવા જવા તૈયાર થયા. પાર્વતી અને ઉષાબેન ધર્મશાળામાં પેલાં બહેનની સાથે રહ્યાં. અમે રિક્ષામાં બેસી કન્યાકુમારી જોવા નીકળ્યાં. બરાબર એ ટાંકણે વરસાદ શરૂ થયો. બીજીવાર છત્રી કામમાં આવી. આ પહેલાં મદ્રાસમાં પ્રવાસની પહેલી સાંજે એની મદદ લેવી પડી હતી. સૌ પ્રથમ રિક્ષા સાંઈબાબાના મંદિરે થોભી. મંદિર બહુ સુંદર હતું પણ ચાલુ વરસાદમાં એની સુદરતા જોવાનો સમય નહોતો. બધાં અડધોઅડધ પલળી ગયાં. બીજું સ્થળ બહુ મોટું ભવ્ય મંદિર હતું. દક્ષિણના મંદિરો જેવી જ એની શૈલી હતી અને રીતિરિવાજ પણ . અમારા બધાના શર્ટ-ગંજી કઢાવ્યાં. આપણને આવી રીતે ઉઘાડા શરીરે ફરવાનું ફાવે નહીં. પણ અહીના વ્યવસ્થાપકો આ બાબતે કશી છૂટ આપતા નથી. એટલે અર્ધદિગંબર સ્વરૂપે અમારે દર્શન કરવા પડ્યા.

છેલ્લે જે સ્થળ જોયું તે એક આધુનિક મંદિર કમ પ્રદર્શન હૉલ હતો. એનું નામ હતું શ્રી રામાયણ દર્શનમ, ભારતમાતા સદાનંદ. એને ભવ્યાતિભવ્ય બનાવવામાં નિર્માતાઓએ કશી કચાશ રાખી ન હતી. આખું મકાન ચોરસ આકારનું અને સફેદ રંગથી રંગાયેલું હતું. દક્ષિણ ભારતના મંદિરો કરતાં આ અલગ પ્રકારનું સ્થાપત્ય હતું.મથાળે એક મોટો ગુંબજ હતો તેની આગળ ચાર નાના ગુંબજ હતા. અને તેનીયે આગળ છ નાના ગુંબજો હતા. બધા ગુંબજ સોનેરી સૉડિયમ લાઈટોના પ્રકાશમાં ઝળહળી રહ્યા હતા. મોટા ગુંબજની આગળ સરસ દક્ષિણ ભારતના મંદિરના શિખર જેવું નાનકડું શિખર બનાવેલું હતું. એની નીચે આખા મકાન જેવડી વિશાળકાય હનુમાનજીની મૂર્તિ હતી. મેં ક્યાંય આનાથી મોટી અને આટલી સુંદર હનુમાનદાદાની મૂર્તિ ભાળી નથી. પ્રદર્શન હોય એટલે ટિકિટ

**અનુસંધાન પાના નં ૭ પર**